સોનેરી પંખી.

કીંમત ૦-૨-

પ્રસિદ્ધ કરનાર.

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ.

નાણાવટ, સુરત.

સોનેરી પંખી.

પ્રસિદ્ધ કરનાર.

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ.

નાણાવટ. સુરત.

Printed by

Narayanrao Laxmanrao Nikum at the "Shanker" Printing Press, Near Chawta Bridge, Surat.

Published by Balubhai Karsandas of Messrs Karsandas Narandas & Sons, Booksellers and Publishers, Nanavat, Surat.

સોનેરી પંખી

સેંકડો વર્ષ ઉપર એક રાજા થઈ ગયો. તે રાજાની સુંદર હવેલીની આગળ અનેક ફૂલફળનાં ઝાડથી ભરેલો એક બાગ હતો. તે બાગમાં રાજાનું માનીતું એક ઝાડ હતું. તેના ઉપર સોનેરી રંગનાં સફરજન થતાં હતાં. ફળ પાકે એટલે દરરોજ બાગનો માળી તે ફળોને ગણતો. પણ અજાયબ જેવું એ હતું કે સાંજે ગણે તે કરતાં સવારે એક ફળ ઓછું થાય. દરરોજ રાત્રીને સમયે એક ફળ કોઈ ચોરી જતું. આ વાતની રાજાને ખબર કરવામાં આવી ત્યારે રાજાએ ચોર પકડવાનો નિશ્ચય કીધો.

હવે રાજાને ત્રણ કુંવર હતા. ચોર પકડવાનું કામ પોતાના એક કુંવરને સોંપવું સારૂં એ વિચારથી તેણે પોતાના મોટા કુંવરને એક રાત્રે તપાસ રાખવા મોકલ્યો.

મોટો કુંવર ઝાડતળે જઇને બેઠો અને થોડો વખત જાગૃત રહ્યો પણ કલાક બારનો સમય થવા આવ્યો, એટલે તેને ઉંઘ આવવા લાગી. જાગતા રહેવાને તેણે ઘણાંએ ફાંફાં માર્યાં; પણ ફોકટ અને બારના ટકોરા થાય તે પહેલાં કુંવર ઘસઘસાટ ઉંઘમાં પડ્યો. એ રાત્રે પણ ઝાડ પરથી એક ફળ ઓછું થયું.

બીજે દિવસે સવારે રાજાને આ હકીકતની ખબર થઇ ત્યારે તે ઘણો ચીઢવાયો, અને બીજે દિવસે પોતાના બીજા કુંવરને તેણે ચોર પકડવાને મોકલ્યો. મોટાભાઈની પેઠે પોતાને પણ રખેને રાજાનો ઠપકો

સાંભળવો પડે એ બીકથી તેણે જાગતા રહેવાની ઘણી મહેનત કરી છતાં રાજમહેલની ઘડીઆળમાં બારના ટકોરા થાય તે પહેલાં તે પણ ઉંઘી ગયો, અને વળી પાછું એક ફળ તે રાત્રીએ ચોરાયું.

હવે ત્રીજી રાત્રિએ સૌથી નાના કુંવરનો વારો આવ્યો. એ કુંવર પોતાના બે ભાઇઓ જે ન કરી શકયા તે કરશે એવો રાજાને વિશ્વાસ આવ્યો નહિ. તેથી તેને જવા દેવા રાજા ખંચાયો, પણ મોટા બે કુંવરોએ તેની મશ્કરી કરી તેથી રાજાએ તેને મોકલ્યો, અને તેને કહ્યું કે ખુશીથી તું જા અને મારી ખાત્રી છે કે તું ચોર પકડશે.

સોનેરી સફરજનના ઝાડ નીચે કુંવર બાગમાં જઇને બેઠો, અને ઉંઘ આવવા માંડી એટલે તે ઉભો થઈ ગયો અને આમતેમ ફેરા ફરવા લાગ્યો. બેઠો હોત તો ઉંઘી જાત. પણ ફરતાં ફરતાં એની આંખ ઉંઘે ઘેરાઈ જવા લાગી. બિચારો કુંવર પોતાને હાથે, પગે, ગાલે ચિમટાં દઈ દઇને જેમ તેમ કરી જાગતો રહ્યો. એટલામાં બારના ટકોરા થયા કે તરતજ એની ઉંઘ ઉડી ગઈ.

બારને ટકોરે કુંવરે હવામાં પાંખનો ફફડાટ સાંભળ્યો. તરતજ એક મોટું પંખી ઉડતું આવ્યું અને ઝાડ પર બેઠું. એ પંખીની પાંખ સોનેરી હતી અને ચંદ્રના અજવાળામાં ઘણી ચળકતી હતી. પંખીએ એક સફરજન ઝાડ પરથી તોડવા માંડયું. કુંવરે કામઠા પર તીર ચઢાવ્યું અને તાકીને માર્યું. તીર પંખીની પાંખ પર લાગ્યું. પંખી તો ઉડી ગયું પણ તેનું એક પીછું જમીન પર ખરી પડયું.

કુંવર તે પીછું મહેલમાં લઈ ગયો અને સવારે રાજાને બતાવ્યું. સૌથી નાના કુંવરે ચોર શોધી કાઢ્યો તે જોઇને તેના બે ભાઇઓ મનમાં ચીઢવાયા. બીજે દિવસે સવારે રાજાએ દરબાર ભરીને શહેરના

ડાહ્યા પુરૂષોની સલાહ લીધી. કુંવરની હકીકત સાંભળ્યા પછી તેમણે કહ્યું કે એ પંખીની પાંખથી ખરી પડેલું પીછું રાજ્યની સઘળી વસ્તુઓ કરતાં કિમતી છે. આ સાંભળી રાજાએ કહ્યું, એમ હોય તો ગમે તેટલી મહેનત પડે પણ એ આખું પંખી મારે મેળવવું જોઇએ. આ સાંભળીને સૌથી મોટા કુંવરે બીડું ઝડપ્યું, કે હું હમણાં એ સોનેરી પંખી લાવી આપું છું અને બે દીવસમાં તૈયારી કરીને તે પંખીની શોધમાં નીકળ્યો.

રાજકુંવર શહેર બહાર ચાલતો ચાલતો એક ગીચ જંગલની કોર ઉપર આવી પહોંચ્યો. ગીચ ઝાડીમાં એક પગથી હતી. તે પર થઇને આગળ જવા તે વિચાર કરતો હતો એટલામાં ત્યાં તેણે એક શિયાળ બેઠેલું જોયું.

કુંવરે તત્કાળ તે શિયાળ ઉપર તીર ફેંકવા તૈયારી કરી; પણ શિયાળે કહ્યું. "ભલાભાઇ? મને મારીશ મા. હું તને મદદ કરી શકું એમ છું. તું સોનેરી પંખીની શોધમાં નીકળ્યો છે, તે કામમાં હું તને સલાહ આપું. જો! તું આ રસ્તે સીધો ચાલ્યો જા. ઘણે દુર જઈશ એટલે એક ગામ આવશે; તે ગામમાં રસ્તાની સામસામી બાજુએ બે વીશીઓ હશે. એકમાં રોશની પુષ્કળ હશે. ત્યાં ગાયન, નાચ, રંગ, વગેરે ગમ્મત ચાલતાં હશે; પણ તારે તે વીશીમાં જવું નહિ. સાથે બીજી વીશી, શાંત, અંધારી, ઉજ્જડ જેવી દેખાશે. ત્યાં તારે રાત વાસો કરવો. જો પેલી રોશનીવાળી વીશીમાં તું જશે તો તો તારી ઉમેદ બર આવશે નહિ.

કુંવર ઘણો ડાહ્યો હતો. તેણે વિચાર્યું કે આ જાનવર મને શિખામણ આપનાર કોણ! કામઠાં પર તીર ચઢાવી, નિશાન તાકી,

તીર ફેંક્યું. તીર શિયાળને પુંછડી ઉપર સ્હેજ લાગી છટકી ગયું. શિયાળ દોડીને અદૃશ્ય થયું.

કુંવર, શિયાળે બતાવેલા માર્ગ પર આગળને આગળ ચાલ્યો. સાંજ પડતાં એક ગામ આવ્યું. રસ્તાની બે બાજુએ શિયાળે કહ્યું હતું તે પ્રમાણે સામસામી બે વીશી હતી. એક વીશીની બારીમાં અજવાળું હતું, અને તેમાંથી ગાયનનો અવાજ દૂર સુધી સંભળાતો હતો. પાસે આવતાં કુંવરે બારીમાંથી જોયું કે વીશીમાં ઘણા લોકો હતા. કેટલાક નાચતા હતા, તો કોઈ ગાતા હતા. આમ સઘળા આનંદમાં દેખાતા હતા.

સામી બાજુની વીશીમાં તદ્દન અંધારૂં હતું તથા બધું ચુપાચુપ લાગતું હતું. કુંવરે વિચાર કીધો કે પેલા ઘરડા શિયાળના કહેવા ઉપરથી આ સુંદર વીશીમાં જવાનું છોડીને પેલી અંધારી વીશીમાં રહેવા જાય એવો મૂર્ખ કોણ હશે! એમ વિચારીને પેલી ગમ્મત થતી હતી તે વીશીમાં તે દાખલ થયો. બીજા લોકોની સાથે તે પણ મઝામાં દાખલ થઇ ગયો, નાચવા લાગ્યો, ગાવા લાગ્યો, ખાઇ પી લહેર કરવા લાગ્યો, અને મોજમજાહમાં એવો તલ્લીન થઈ ગયો કે બાપ, ભાઈ, સોનેરી પંખી કે સઘળું ભૂલી ગયો.

કેટલાક દીવસો વીતી ગયા ત્યારે રાજાને ચિંતા થઈ કે કુંવર હજી પાછો કેમ ન આવ્યો, અને એની શોધ કરવા રાજાએ બીજા કુંવરને મોકલ્યો. જતી વખતે કહ્યું કે, સંભાળીને જજે. એક કુંવર ગુમ થયો છે. તું જોખમથી દૂર રહેજે, નહિ તો મારે એકની સાથે બે કુંવર ગુમાવવા પડશે.

બીજો કુંવર ફરતો ફરતો મોટા કુંવરની પેઠે જંગલ આગળ પહોંચ્યો, એટલે તેજ શિયાળ તેને મળ્યું. તેણે પહેલા કુંવરને જે શિખામણ આપી હતી તેજ આ કુંવરને પણ આપી. પણ તેની વાત ઉપર આ ભાઇએ પણ લક્ષ આપ્યું નહિ, અને રોશનીવાળી વીશી આગળ આવતાં તેનો ભાઈ બારીએ ઉભો હતો તેના બોલાવવાથી તે વીશીમાં ગયો અને મોટા કુંવરની પેઠે મોજમઝાહમાં પડી ગયો.

ઘણા દીવસો વીત્યા પછી રાજાના ત્રીજા કુંવરે સોનેરી પંખી લઇ આવવાની રજા માંગી; પણ બે કુંવરો ગુમ થએલા તેથી રાજાનું મન માન્યું નહિ. છતાં ત્રીજા કુંવરનો આગ્રહ જોઇને રાજાએ આખરે તેને પણ રજા આપી.

ત્રીજો કુંવર જંગલ આગળ આવ્યો, શિયાળ મળ્યું અને કુંવર તેને તીર મારવા જતો હતો એટલે શિયાળે કરગરીને કહ્યું કે, મને બચાવ. હું ઉપકાર ભૂલીશ નહિ.

નાનો કુંવર હીંમતવાન હતો તેથી તેણે કહ્યું, ડર મા. હું તને ઇજા નહિ કરૂં. પછી પેલા શિયાળે કયે રસ્તે જવું અને કઇ વીશીમાં રહેવું તે સઘળી રીતની સમજ પાડી અને કુંવરને કહ્યું કે તેં મને ઉપકાર કીધો તેનો બદલો વાળવા હું તને મદદ કરીશ. મારી પાછળ આ મારી પુંછડી પર તું બેસીજા અને હું તને ઘણી ઝડપથી જંગલનાં ઝાડોમાંથી અને કઠણ પત્થરના માર્ગ ઉપરથી લઇ જઈશ. કુંવર શિયાળની પુંછડી પર બેઠો અને શિયાળ તેને ઘણી ઝડપથી દોડીને પેલા ગામ સુધી લઈ ગયું. કુંવર પુંછડી ઉપરથી સરી પડ્યો અને સામસામી બે વીશીઓ હતી ત્યાં આગળ

જઈ ઉભો. આ નાનો કુંવર પોતાના ભાઈઓ કરતાં શાણો હતો. શિયાળના કહેવા પ્રમાણે તે અંધારી વીશીમાં જઇને રહ્યો. તેને ખબર ન હતી કે તેના બે ભાઈઓ સામેજ આવેલી ઝળાં ઝળાં થતી વીશીમાં રહેતા હતા.

સવાર પડતાં કુંવર જાગ્યો. તેણે નાસ્તો કર્યો અને બહાર ખેતરમાં ફરતો હતો એટલે પેલું શિયાળ એની રાહ જોઇ બેઠું હતું, તે મળ્યું. શિયાળ કહે, ભાઈ આ માર્ગે સીધો ચાલ્યો જા, એટલે એક કીલ્લો આવશે. ત્યાં અનેક સિપાઇઓ કીલ્લાના કોટની બહાર પડેલા હશે પણ તે સર્વે ઉંઘતા હશે. તેમના પર પગ મૂકીશ નહિ, એટલે તને કાંઈ ઈજા કરશે નહિ. કીલ્લામાં દાખલ થઇ, કેટલાક ખંડ વટાવી જજે, એટલે એક ખંડમાં એક પાંજરૂ લટકતું હશે. એ પાંજરામાં સોનેરી પંખી છે અને એની પાસે એક બીજું સોનેરી પાંજરૂં છે. પંખીને સાદા પાંજરામાંથી કાઢી સોનેરી પાંજરામાં મૂકી દેજે. પણ એ કામ ઝડપથી કરજે નહિ તો પંખી તને નુકશાન કરશે.

આટલું કહી શિયાળે કુંવરને વળી પાછો પુંછડી પર બેસાડ્યો અને ઝડપથી પવન વેગે તેઓ કીલ્લા આગળ આવી પહોંચ્યાં. કુંવર એકલો આગળ ચાલ્યો. કોટ બહાર સેંકડો સિપાઇઓ સુતેલા હતા, પણ તેઓ સર્વે ઉંઘતા હતા, એટલે કુંવર સહીસલામત કીલ્લામાં દાખલ થયો. કીલ્લાની માંહેના ખંડ જોઇને કુંવરની અજાયબીનો પારજ નહિ રહ્યો. એક એકથી ચઢીઆતા એવા અનેક ખંડ વટાવી આખરે કુંવર સોનેરી પંખી હતું તે ખંડમાં આવ્યો.

દોરીથી ટાંગેલા એક નેતરના પાંજરામાં પંખી હતું. પાસે સોનાની સાંકળથી ટાંગેલું એક પાંજરૂં હતું અને પાસેજ ભોંય ઉપર

ત્રણ ચાર સોનેરી સફરજન પડયાં હતાં. કુંવરે જોયું કે પિતાના બાગમાંથી ચોરાયલાં સફરજન તે આજ, રાત્રીએ ચોકી કરતાં દીઠેલું સોનેરી પંખી તે પણ આજ, કારણ કે તેની પાંખમાં એક પીછું પણ ઓછું હતું. હરખઘેલો કુંવર આ સમયે શિયાળની સૂચના ભૂલી ગયો અને મનમાં બોલ્યો, આવું સુંદર પક્ષી આ સાધારણ પાંજરામાં શોભે નહિ. પાસેના સોનાના પાંજરાંમાં એને મૂકું અને પંખી અને પાંજરૂં બેઉ સાથે લઇ જાઉં.

પાંજરાનું બારણું ઉઘાડી પંખીને બહાર કાઢયું અને સોનાના પાંજરામાં તરતજ મૂકી દેવાને બદલે હાથમાં ધરી રાખી તે પંખીનું રૂપ નિહાળવા લાગ્યો. તેના રેશમ જેવાં સુંવાળા પીછાં પર હાથ ફેરવવા લાગ્યો. આમ કરવામાં વખત નીકળી ગયો, એટલે એકાએક તે પંખીએ ચીસ પાડી. સિપાઇઓ જાગી ઉઠયા. સર્વે કીલ્લામાં ધસી આવ્યા. કુંવરને પકડયો અને કેદખાનામાં લઇ ગયા. બીજે દિવસે સવારે રાજા દરબાર ભરીને બેઠો, અને કુંવરે પોતાની હકીકત હતી તેવી રજુ કરી. સભાસદોએ અભિપ્રાય આપ્યો કે કુંવરે ગુન્હો કીધો છે અને તેને ગુન્હાની સજા થવી જોઇએ.

રાજાએ વિચાર કરી કહ્યું કે, કુંવર! મારા સોનેરી પંખીને લઈ લેવાની કોશિષ તેં કરી અને તે બદલ તને મારી નાંખવો જોઇએ. છતાં મારૂં એક કામ જો તું કરે તો હું તને જીવતદાન આપું. એક સોનેરી ઘોડો એવો છે કે જે પવનના કરતાં વધારે ઝડપથી દોડી શકે છે. એ ઘોડો જો તું મને આણી આપે તો હું તને જીવતો જવા દઉં, એટલુંજ નહિ પણ આ સોનેરી પંખી પણ તને આપી દઉં. કુંવરે શરત કબુલ કરી અને રાજાને નમન

કરીને કીલ્લામાંથી બહાર નીકળ્યો. તે દીલગીર થઇ, અફસોસ કરવા લાગ્યો, કે આ વિશાળ દુનિયામાં રાજા કહે છે તેવો ઘોડો કયાં હશે. કયો માર્ગ લેવો અને કઈ દિશામાં જવું તે પણ તેને સુઝયું નહિ.

આવાને આવા વિચારમાં અતિશય મુંઝવણમાં જે માર્ગે આવેલો તે માર્ગે થોડુંક ચાલ્યો એટલામાં તેના મિત્ર શિયાળને રસ્તાની બાજુએ બેઠેલું જોઈ તે હરખાયો. શિયાળ મદદ કરશે, એવી હોંસથી તે તેની પાસે ગયો. સઘળી હકીકત કહી, અને સોનેરી ઘોડો આણી આપે તોજ પોતે જીવતો રહેશે, એ હકીકત તેને કહી સંભળાવી. શિયાળે કહ્યું, તારે હોશિયારી રાખવી જોઈતી હતી. મારૂં કહેલું ન કર્યું તેનું પરિણામ જોયું ! પંખીને હાથમાં ઝાઝો વખત ઝાલી રાખ્યું ન હોત તો આ દશા ન થાત. ખેર, થઈ તે થઇ. ચાલ પુંછડી પર બેસીજા. સોનેરી ઘોડો છે તે જગ્યા પર તને લઈ જાઉં.

શિયાળ અને કુંવર ઘણી ઝડપથી આગળ ચાલ્યાં અને કેટલાક કલાકની મુસાફરી પછી એક બીજો મહેલ આવ્યો, ત્યાં આગળ શિયાળ ઉભું રહ્યું, અને તેણે કુંવરને કહ્યું, જો, આ કીલ્લાના દરવાજામાં પેસીને સીધો ચાલ્યો જજે. કોઇ તને અટકાવશે નહિ. મહેલની પછાડી જજે. ત્યાં એક તબેલો છે. તબેલાની આગળ ઘોડાવાળાઓ સુતેલા હશે. જોજે કોઇને જગાડતો નહિ. હળવે રહીને ઘોડાને તબેલાની બહાર દોરી લાવજે. ઘોડાની બાજુએ બે જીન હશે. એક લાકડાચામડાનું બનાવેલું અને બીજું સોને મઢેલું. પેલું હલકું જીન ઘોડાની પીઠ પર મૂકજે. જોજે, હો ! એમ નહિ કરીશ તો ફરી પસ્તાશે.

કુંવર મહેલ તરફ ગયો અને શિયાળના કહ્યા પ્રમાણે તેણે સઘળું જોયું. જે તબેલાની આગળ ઘોડાવાળાઓ ઉંઘતા હતા તે તબેલાની અંદર સોનેરી ઘોડો જોયો. જોતાંજ તેની ખૂબસુરતીથી એ મોહ પામ્યો, અને મનમાં વિચાર્યું કે આવો ઘોડો મને મળે તો કેવું સારૂં! આમ વિચારી ચામડાનું જીન ઉતારવા જતો હતો એટલામાં સોને મઢેલું જીન નજરે પડયું. કુંવરે વિચાર્યું, કેવું સુંદર જીન છે! શિયાળ ભૂલતું હોવું જોઇએ. આવા સુશોભિત ઘોડાને આ ચામડાનું જીન ન શોભે. શિયાળે કરેલી ભૂલ હું સુધારીશ.

એમ વિચારી જેવો તે સોનેરી જીનને આંગળી અરાડવા જાય છે એટલે તરતજ ઘોડો જોરથી હણહણ્યો. અવાજથી ઘોડાવાળા જાગ્યા ને તબેલામાં સર્વે ધસી આવ્યા. કુંવરને પકડયો અને સવાર સુધી કેદમાં રાખ્યો. બીજે દિવસે રાજસભામાં કુંવરની હકીકત કહેવામાં આવી, અને ઈન્સાફ થયો કે કુંવરને દેહાંતદંડની શિક્ષા થવી જોઇએ. એમ છતાં રાજાએ કહ્યું, અલ્યા! પરદેશી! જીવતા રહેવું હોય તો એક ઉપાય છે. આ સ્થળેથી સેંકડો ગાઉ દૂર એક સોનાનો મહેલ છે. તેમાં એક રૂપરૂપની ભંડાર રાજકુમારી રહે છે. તે મને જો તું આણી આપે તો હું તને જીવતો જવા દઉં. એટલુંજ નહિ પણ તારી મહેનતના બદલામાં આ સોનેરી ઘોડો પણ આપી દઉં. ગરીબ બિચારો કુંવર પશ્ચાત્તાપ અને નિરાશાથી દુખી થતો મહેલ બહાર નીકળ્યો. મનમાં વિચાર્યું કે બેવાર શિયાળનું કહેલું માન્યું નહિ એટલે તે હવે મને મદદ કરશે નહિ. શું મોં લઇને હવે હું તેની પાસે જાઉં! રાજાએ કહેલી રૂપાળી કુંવરી કયા કીલ્લામાં હશે! કીલ્લો જડે તોપણ કુંવરીને શી રીતે આણી આપવી. આવા આવા

વિચારોમાં, ધીમે પગલે, બાવરો બનેલો કુંવર આગળ ચાલતો હતો. એટલામાં એણે શિયાળને જોયું પણ એને ડર લાગ્યો કે હવે ત્રીજી વખત શિયાળ મદદ નહિ કરે.

કુંવરને જોઇને શિયાળે કહ્યું, કેમ વળી બીજી વાર તેં તારૂં ડહાપણ વાપર્યું! તું સમજે છે કે હું જે કહું છું તે માત્ર ઉપલક છે. મારી મદદને માટે તું લાયક નથી. હું બહુ દીલગીર છું, મને માત્ર તારી દયા આવે છે. ચાલ એકવાર ફરી હું તને મદદ કરીશ. જો સાંભળ, સોનેરી મહેલ આ માર્ગે જતાં આવશે. તને ત્યાં પહોંચતાં સાંજ પડશે. મહેલની આગળ બાગમાં એક સ્વચ્છ પાણીનો કુંડ છે. ત્યાં રાત્રીએ મહેલનાં લોકો સુઇ ગયા પછી પેલી કુંવરી મહેલમાંથી એકલી બહાર આવે છે, કુંડમાં સ્નાન કરે છે, અને પછી સુવા જાય છે.

કુંડની પાસે ઝાડમાં સંતાઈ રહેજે. કુંવરી આવે ને તારી આગળથી પસાર થાય એટલે બહાર કુદી પડજે, અને કુંવરીના અંબોડામાં આ ગુલાબનું ફૂલ ખોસજે એટલે તારી પાછળ તે ખુશીથી આવશે. તું તેને તારી સાથે મહેલની બહાર લઈ આવજે. પણ એટલી સંભાળ લેવાની કે તે કુંવરી માબાપની રજા લેવા જવાની મરજી બતાવશે, અને ઘણુંએ કરગરી તારા કાલાવાલા કરશે, પગે પડશે, પણ તું જવા દેતો નહિ. જવા દઈશ તો પસ્તાશે. એટલું કહી આગળની માફક કુંવરને પુંછડી પર બેસાડી સાંજ પડતાં તો શિયાળ સોનેરી મહેલ આગળ આવી પહોંચ્યું. કુંવર પુંછડી ઉપરથી ઉતર્યો. મહેલના દરવાજામાં પેઠો અને ઝાડની પાછળ સંતાયો.

શિયાળના કહ્યા મુજબ મધ્યરાત્રી થતાં કુંવરી કુંડની પાસે આવી, અને જે ઝાડ પાછળ તે કુંવર સંતાયો હતો તે ઝાડ

આગળથી કુંવરી પસાર થતાં કુંવર કુદ્યો અને તેના અંબોડામાં પેલું ગુલાબનું ફૂલ ખોસ્યું. તરતજ કુંવરી તેના તરફ ફરીને હસી પડી, અને બોલી કે તમને જોઇને મને ઘણો આનંદ થયોછે. હું તમારીજ રાહ જોતી હતી. તમે મારા પતિ છો. હું તમારી સાથે આવીશ. પણ મારા માબાપને છેલ્લા પ્રણામ કરવા મને જવા દો. કુંવરે કહ્યું, એ નહિ બને. આપણે બનતી ઉતાવળે આ જગ્યાએથી નાસવું જોઇએ. પણ કુંવરી તેને પગે પડી આંખમાંથી બોર બોર જેવડાં આંસુ સારવા લાગી, કુંવરને વીનવ્યો, તેને કરગરીને એવી આજીજી કરી કે કુંવરનું હ્રદય પીગળ્યું અને તેણે કહ્યું, ભલે જા. પળવારમાં પાછી આવજે. આ શબ્દ નીકળતાંજ કુંવરી એકદમ મહેલ તરફ દોડી અને બારણામાં પેઠી કે તરતજ મહેલના સઘળા લોકો જાગી ઉઠયા. પહેરેગીરોએ કુંવરને પકડ્યો અને સવાર સુધી કેદમાં રાખ્યો.

સવાર થતાં રાજાના દરબારમાં કુંવરને લઈ ગયા. બધી હકીકત સાંભળી રાજાએ કહ્યું અલ્યા પરદેશી ! તું મારી કુંવરીનું હરણ કરવા આવ્યો. તારે માટે એકજ શિક્ષા છે. તે એ કે તને મારી નાંખવો. છતાં તારી જુવાની જોઇને મને તારી દયા આવે છે. એક શરત કબુલ હોય તો તું ઉગરે; એટલુંજ નહિ પણ આ મારી કુંવરી તને પરણાવું. અમારા મહેલની પેલી બારી સામે પર્વત છે તેને લીધે પેલી બાજુએ શું છે તે દેખાતું નથી. એ પહાડ તું ખોદી નાંખી, સપાટ જમીન બનાવી દે અને તે કામ માટે સાત દીવસ હું તને આપું છું. આઠમે દિવસે સવારે જો પર્વત ખોદાઈ ન રહે તો તારૂં મોત સમજજે, અને જમીન સપાટ કરી આપે તો મારા કહ્યા મુજબ મારી કુંવરી પરણાવી તને જીવતો જવા દઉં.

કુંવર શોકસાગરમાં ડૂબી ગયો. આ મહાન પર્વત તે સાત દિવસમાં શી રીતે ખોદી કઢાય. હવે બચવાનો કાંઈ માર્ગ નથી એમ તેના મનમાં નક્કી થયું.

કોદાળીને પાવડો લઈ કામ શરૂ તો કર્યું પણ એક બે ત્રણ એમ છ દિવસ સુધી કામ કર્યા છતાં પર્વતનો એક નાનો સરખો ભાગ પણ ખોદાયો નહિ. નિરાશ થઇને, બાપડો કુંવર કપાળે હાથ મૂકીને, માથુ નીચું ઘાલી, ઉદાસ ચહેરે બેઠો નિશ્વાસ પર નિશ્વાસ મૂકતો હતો. એટલામાં વિપત વેળાનું બેલી પેલું શિયાળ સામે આવીને ઉભું અને બોલ્યું, કેમ મિત્ર ! બહુ થાક લાગ્યો હશે. જરા આરામ લ્યો. છ છ દિવસની મહેનતથી કંટાળી ગયા લાગો છો. કુંવરને ઉંઘે ઘેરી લીધો હતો તેથી તે સુઈ ગયો અને એક રાત્રીમાં શિયાળે આખો પર્વત ખોદી નાંખી ત્યાં જમીન સપાટ બનાવી દીધી.

આ જોઇને રાજકુંવરના હૈયામાં હરખ માયો નહિં. તેણે રાજાને જઇને કહ્યું કે પર્વત સપાટ થઇ ગયો છે. હવે આપનું વચન પાળશો. રાજાએ બારીમાંથી જોયું તો પર્વતની જગ્યાએ સપાટ જમીન થઇ ગએલી હતી. રાજા ઘણો ખુશી થયો. પોતાની વહાલી કુંવરીને આપી દેતાં ને તેનાથી વિખુટાં પડતાં દુઃખ તો થયું પણ આપેલું વચન પાળવુંજ જોઈએ તેથી કુંવરી રાજકુંવરને સોંપી દીધી.

હવે કુંવર રાજકુંવરીને લઇને મહેલ બહાર આવ્યો ને શિયાળને કહ્યું કે હવે મારે ઘેર પાછા ફરવાનું છે. એ સાંભળી શિયાળે કહ્યું કે હવે તમારે સોનેરી ઘોડો લેવાનો છે. એ ઘોડો આ અનુપમ રાજકુમારીનોજ છે અને તે તમારે હાથ કરવો જોઈએ.

કુંવરે પૂછયું કે ઘોડો શી રીતે મેળવવો. શિયાળે કહ્યું કે રાજાની પાસે આ કુંવરીને લઇને તમે જાઓ. ત્યાં રાજા આ કુંવરીને પરણવા માંગશે; ત્યારે તું પેલો સોનેરી ઘોડો માગજે અને બધાની રજા લીધા પછી છેલ્લી રાજકુંવરીની રજા લેતી વેળા તેને ઘોડાપર બેસાડી લઈ તું ઘોડાની પીઠપર કુદી પડી, ઘોડો દોડાવી મૂકજે. કેટલાક સ્વારો તારી પુઠે પડશે, પણ તેની પરવા કરીશ નહિ, કારણ તેઓ તને પકડી શકશે નહિ.

આ શબ્દ સાંભળી કુંવર અને રાજકુંવરી બેઉ શિયાળની પુંછડી ઉપર બેસી ગયાં અને થોડા વખતમાં તેઓ રાજાના કીલ્લા આગળ આવી પહોંચ્યાં. શિયાળની શિખામણ પ્રમાણે કુંવરે બધાને નમન કર્યા પછી રાજકુંવરીને જાણે નમન કરી રજા લેતો હોય તેમ ઢોંગ કરી તેને ઘોડાની પીઠપર બેસાડી દીધી, અને તરતજ પોતે એક ફલાંગ મારી ઘોડા ઉપર ચઢી બેઠો ને ઘોડો મારી મૂકયો.

રાજાના સિપાઇઓ ઘોડેસ્વાર થઈ એની પાછળ પડ્યા પણ જોતજોતામાં રાજકુંવર એટલો આગળ નીકળી ગયો કે તેઓ નિરાશ થઇને પાછા વળ્યા. હવે શિયાળે કુંવરને કહ્યું કે તારે સોનેરી પંખી લેવાનું રહ્યું છે, તે માટે રાજકુંવરીને મારી પાસે રહેવા દઈ તું રાજમહેલમાં ઘોડાપર જજે, અને ઘોડો જોઈ હરખાઇ જઇને રાજા તને સોનેરી પંખી વગર વિલંબે આપી દેશે. તે લઇને ઘોડાપર બેસી તું મારી પાસે ચાલ્યો આવજે.

આ પ્રમાણે વર્તીને કુંવર સોનેરી પંખી લઇ આવ્યો. હવે કુંવરને રાજકુંવરી, જાદુઇ ઘોડો, અને સોનેરી પંખી, એ ત્રણ વસ્તુ મળી ગઇ, અને એની ઇચ્છા પાર પડી એટલે શિયાળે કુંવરની

રજા માંગી અને કુંવર ઘેર જવા નીકળે તે પહેલાં પોતે આપેલી મદદનો બદલો માગ્યો. તેણે કહ્યું, મારે ઈનામમાં એટલુંજ માગવાનું કે જે સ્થળે આપણે પહેલ વહેલાં મળેલાં તે સ્થળે પહોંચીએ કે તારે મને તીરથી મારી નાંખી મારૂં માથું તથા પગ કાપી નાંખવાં.

આ વિચિત્ર ઇનામ સાંભળી રાજકુંવર બહુજ નાખુશ થયો. તેણે શિયાળને કહ્યું કે તેં મારા ઉપર જે ઉપકાર કીધા છે તે જોતાં આવી રીતે હું તને મારી નાંખીશ નહિ. આવું ઈનામ તે કાંઈ હોય ! તારે બીજી જે ઈચ્છા હોય તે કહે.

શિયાળે કહ્યું, બીજું કાંઇ જોઈતું નથી. હું તો આ ચાલ્યું. જતાં જતાં એક છેલ્લી શિખામણ આપું છું: બે વાત તારે ધ્યાનમાં રાખવાની છે: એક તો એ કે કુવાની પાળપર સુતો નહિ અને બીજું એટલું કરજે કે ફાંસી દેનાર માણસ કને કાંઇ ખરીદતો ના. આટલું કહી શિયાળ જંગલમાં દોડી ગયું.

હવે કુંવર તથા રાજકુંવરી સોનેરી ઘોડા ઉપર બેસી ઘર તરફ જતાં હતાં. તેવામાં જે ગામમાં રાજાના બે મોટા કુંવરો મોજમઝાહમાં પડી બધું ભૂલી ગયા હતા, તે ગામ આવ્યું. ત્યાં ગામને પાદરે એક ટોળું કુંવરની નજરે પડયું. ત્યાં જઈને જોયું તો બે માણસોને ફાંસી દેવાની તૈયારી ચાલી રહી હતી. હાથેપગે બેડી પહેરેલા, બે કમનસીબ પુરૂષો, તે પોતાનાજ ઘણા વખત ઉપર ગુમ થઈ ગયલા ભાઇઓ છે, એ જાણી કુંવર તાજુબ થયો અને તેની દીલગીરીનો પાર રહ્યો નહિ. હવે પોતાના ભાઇઓને કોઇપણ રીતે છોડાવવા જોઇએ, એમ વિચાર કરી તેણે ફાંસી દેનાર માણસની નજીક જઇને તેને કહ્યું. ભલા માણસ ! આ માણસોને

શું કામ ફાંસી દે છે? એમને છોડાવવાનો કાંઈ માર્ગ કે ઉપાય બતાવશે? ફાંસી દેનાર કહે આ બે ઘણા દુષ્ટ માણસો છે. એમણે આ ગામમાં અનેક ગુન્હાઓ કીધા છે, તથા ગામનાં માણસો પ્રત્યે અતિશય ક્રૂરતાથી વર્ત્યા છે, તેથી એમને ફાંસી દેવાનો ઠરાવ થયો છે. આવા પાપીઓને છોડવાથી તમને શો લાભ થવાનો છે: બાકી એમને એક શરતે છુટા કરી શકાય અને તે એ કે દરેકને માટે વીશ વીશ સોનામહોર મને આપવી જોઇએ.

આ વાત સાંભળી કુંવરે ઝટ ૪૦ સોનામહોર ફાંસી દેનારને કહાડી આપી, તથા ભાઇઓને છોડવી, બે ઘોડા ખરીદી પોતાના ભાઇઓને એકએકો આપ્યો, તથા પોતે રાજકુંવરી સાથે ઘોડા ઉપર બેસી, સોનેરી પંખી લઈ વતન તરફ ચાલવા માંડયું.

રસ્તે ચાલતાં ત્રણે ભાઇઓ જંગલમાં પેલું શિયાળ મળ્યું હતું તે જગ્યાએ આવ્યા ત્યારે ખરા બપોર થયા હતા, અને તાપથી ગળું સુકાવા લાગ્યું. મોટા કુંવરે કહ્યું, આપણે આ સ્થળે જરા આરામ લઈએ, અને તાપ કાંઈક ઓછો થાય પછી આગળ ચાલીશું. આ સાંભળી નાના કુંવરે ત્યાં થોભવાનો ઠરાવ કીધો, અને ભોગજોગે ત્યાં એક કુવો હતો તેની પાળ ઉપર શિયાળની શિખામણ ભૂલીને કુંવર થાક ખાવા બેઠો. તરતજ બે મોટા ભાઈઓએ લાગ જોઈ, એક હડસેલો મારી કુંવરને કુવામાં ગબડાવી દીધો, અને રાજકુંવરી, સોનેરી ઘોડો, તથા સોનેરી પંખી, એ સઘળું લઇને તેઓ ચાલતા થયા.

વતનમાં પહોંચ્યા એટલે રાજા પાસે જઇ, મોટા કુંવરે કહ્યું, જુઓ સોનેરી પક્ષી અમે લાવ્યા એટલુંજ નહિ પણ સાથે સોનેરી ઘોડો અને આ અપ્સરા જેવી રાજકુંવરી પણ લાવ્યા છીએ.

આ ખબર શહેરમાં સર્વત્ર ફેલાઈ એટલે લોકો હરખઘેલા થઇ ગયા, પણ તેમનો હરખ ઝાઝો વખત રહ્યો નહિ; કારણ કે થોડીજ વારમાં વાત બહાર આવી કે સોનેરી પક્ષી કેમે કરીને કાંઇ ગાતું નથી, સોનેરી ઘોડો બીલકુલ ખાતો નથી; તેમજ રાજકુમારી પણ હસતી કે બોલતી નથી. આવી અજાયબ જેવી વાત સાંભળી બધા લોકોને વ્હેમ પડયો. કારણ સમજી શકાયું નહિ. ખરૂં કારણ રાજકુંવરી જાણતી હતી, પણ તેને મારી નાંખવાની ધમકી મોટા કુંવરે આપી હતી તેથી કાંઈપણ ખુલાસો તે કરી શકતી ન હતી.

હવે નાનો કુંવર કુવામાં પડેલો તે ડૂબી ગયો નહતો. કુવામાં પાણી નહતું તથા તળીએ લીલું ઘાસ ઉગેલું હતું, તેથી તેનો વાળ પણ વાંકો થયો નહતો, પણ કુવો એટલો બધો ઉંડો હતો કે તેનાથી પોતાની મેળે બહાર નીકળી શકાય એમ નહતું. અંદરથી તેણે ઘણીએ બૂમ પાડી પણ એકાંત જગ્યામાં કોણ સાંભળે !

ઘણીવારે તેનો સાચો મિત્ર શિયાળ કુવાને મથાળે આવ્યો ને બોલ્યો, કેમ કુંવરજી શા સમાચાર છે ? મુર્ખા ! તારા જેવો ભૂલકણો અક્કલહીન મેં જોયો નથી. તારા જેવા ભોળા માનવીને મદદ કરવામાં કશો લાભ નથી તેમ છતાં આટલી વેળા તને આવા ઉંડા કુવામાં પડી રહેવા દેવા, મને ઠીક લાગતું નથી તેથી એક વાર હું તારી વારે ધાઉં છું. જો મારી પુંછડી સજ્જડ પકડી રાખજે. હાથમાંથી છોડીશ તો પછડાઇ જશે. હું તને બહાર કાઢી રસ્તે મૂકી દઉં.

આ પ્રમાણે શિયાળ કુવામાં ઉતર્યું અને રાજકુંવરને પુંછડી સાથે ટંગાવી બહાર કાઢયો. છૂટાં પડતાં તેણે કુંવરને કહ્યું. જો

હજી પણ તું ભયમાંથી મુક્ત થયો નથી. તારા પોતાના શહેરની નજીક તારા ભાઇએ મારા ગોઠવી રાખ્યા છે. તે તને તરતજ ઠાર કરશે, માટે શહેરમાં સંભાળીને દાખલ થજે.

આ વચનો સાંભળી રાજકુંવરે એક ગરીબ ભિખારી ઝાડ તળે બેઠો હતો તેનાં ફાટેલાં કપડાં ઉતરાવી પહેરી લીધાં, અને એક કંગાલ ભિક્ષુકના વેષમાં તે રાજમહેલ આગળ આવી પહોંચ્યો. એકાએક ચમત્કાર સર્વના જોવામાં આવ્યો. સોનેરી પક્ષીએ મધુર ગાયન ગાવા માંડયું; ઘોડાએ દાણા ખાઇને આનંદમાં હણહણવા માંડયું, અને રાજકુંવરી પણ પ્રસન્ન દેખાવા લાગી.

રાજા વિસ્મય પામ્યો અને સોકોઇને કારણ પૂછવા લાગ્યો.

આખરે રાજકુંવરીએ રાજાને કહ્યું કે મને સમજ પડતી નથી. થોડા સમયપર હું દુખીને દીલગીર હતી. તે હવે એકાએક મને આનંદ થઇ આવ્યો છે. જાણે મારા વહાલા પતિ કુંવર નજીક આવી પહોંચ્યા હોયને ! એવું મને લાગે છે. આટલું કહીને રાજાની કુંવરીએ સઘળી હકીકત બની હતી તે પ્રમાણે રાજાને કહી, અને નાનો કુંવર કેવી રીતે સઘળી વસ્તુ લાવ્યો હતો, તથા મોટા ભાઇઓએ તેને જે દગો દીધો, તેનું વર્ણન કર્યું.

આ ઉપરથી રાજાએ દરબાર ભરીને કીલ્લાની આસપાસથી દરેક માણસને વારાફરતી સભામાં લાવવા હુકમ કાઢયો, અને જેવો નાનો કુંવર ભિખારીના વેષમાં દાખલ થયો કે તરતજ રાજકુંવરીએ તેને ઓળખાવ્યો અને રાજા તેમજ આખી સભાના દરબારીઓ આશ્ચર્ય પામ્યા. બેઉ ભાઇઓને તેઓના દુષ્કર્મની સજા થઇ. નાના કુંવર અને રાજકુંવરીનાં લગ્ન ઠાઠમાઠથી કરવામાં આવ્યાં. રાજાએ

નાના કુંવરની હીંમત અને બાહોશીથી પ્રસન્ન થઇ ગાદી તેને સોંપી અને પ્રજાજનોમાં સર્વત્ર આનંદ ફેલાઇ રહ્યો.

હવે વાંચનાર પૂછશે કે પેલા શિયાળનું શું થયું? એક દિવસે કુંવર શહેર બહાર ફરતો હતો એવામાં શિયાળ મળ્યું. તેણે કહ્યું, ભાઇ હવે તું સંપૂર્ણ સુખી થયો છે. તારા મનની બધી મુરાદ પાર પડી છે. પણ મારૂં દુઃખ તું દૂર કરતો નથી. માન! મારૂં કહેલું માન! ભાઈ! મને એક તીરથી મારી નાખ અને પછી મારૂં માથું ને પગ કાપી, મને આ દુઃખમાંથી મુકત કર. મારા સુખને માટે આ એકજ રસ્તો છે.

આ કાલાવાલા સાંભળી, કુંવરે નિશ્વાસ મુકીને, શિયાળ ઉપર તીર ફેંકયું, અને તેના પ્રાણ નીકળી ગયા કે તરત તેનું માથું ધડથી જુદું કરી તેના પગ કાપી નાંખ્યા.

ઝટવારમાં શિયાળ, પશુ મટી એક સુંદર મનુષ્ય બની ગયો, અને તેણે કહ્યું કે મારા પર એક ક્રૂર પરીનો શાપ હતો. હું રાજકુંવરીનો ભાઈ, રાજાનો કુંવર છું. પછી બેઉ સાળા બનેવી મહેલમાં ગયા. રાજકુંવરીએ પોતાના વહાલા ભાઇને ઓળખ્યો અને તેનો સત્કાર કીધો. તે પણ એજ રાજ્યમાં રહેવા કબુલ થયો. અને ત્રણે સંબંધીઓ અતિ આનંદમાં જીવન ગુજારવા લાગ્યાં.

સમાપ્ત